આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 પર વારંવાર પૂછાતા પ્રશ્નો

કમિટી ફોર એગ્રીગેશન ઓફ સીએ ફર્મ્સ
ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા
(સંસદના અધિનિયમ દ્વારા સ્થાપિત)
નવી દિલ્હી

© ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા

સર્વાધિકાર સુરક્ષિત. પ્રકાશકની લેખિતમાં પૂર્વ મંજૂરી વિના, આ પ્રકાશનનો કોઈ પણ ભાગ પુનઃઉત્પાદિત કરી શકાશે નહીં, પુનઃપ્રાપ્તિ પ્રણાલીમાં સંગ્રહિત કરી શકાશે નહીં, અથવા કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, ઇલેક્ટ્રોનિક, મિકેનિકલ, ફોટોકોપીઇંગ, રેકોર્ડિંગ અથવા અન્યથા, પ્રસારિત કરી શકાશે નહીં.

આ પ્રકાશનનો પ્રાથમિક મુસદ્દો સીએ. સંજય કુમાર અગ્રવાલ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો

પ્રથમ આવૃત્તિ	: જુલાઈ, 2025
કમિટી/વિભાગ	: કમિટી ફોર એગ્રીગેશન ઓફ સીએ ફર્મ્સ
ઈ-મેઈલ	: cacaf@icai.in
વેબસાઈટ	: www.icai.org
કિંમત	: ₹/-
આઇએસબીએન	: 978-93-48313-22-5
દ્વારા પ્રકાશિત	: ધી પબ્લિકેશન એન્ડ સીડીએસ ડિરેક્ટોરેટ, ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા વતી આઈસીએઆઈ ભવન, પોસ્ટ બોક્સ નં. 7100, ઇન્દ્રપ્રસ્થ માર્ગ, નવી દિલ્હી - 110 002 (ઇન્ડિયા)
દ્વારા મુદ્રિત	: નક્કી કરવાનું બાકી છે.

આઈસીએઆઈના પ્રેસિડેન્ટનો સંદેશ

ચાર્ટર્ડ અકાઉન્ટન્સી પ્રોફેશને સત્યનિષ્ઠા, સ્વતંત્રતા તથા વ્યાવસાયિક શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખીને અર્થવ્યવસ્થાની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ પોતાનો સતત વિકાસ કર્યો છે. જેમ જેમ વ્યાવસાયિક પ્રવૃત્તિઓ વધુ જટિલ અને પરસ્પર સંકળાયેલી બનતી જાય છે, તેમ તેમ એવા વ્યાવસાયિક સંસ્થાનોની જરૂરિયાત વધી રહી છે, જેઓ વિવિધ હિતધારકોને અસરકારક રીતે સેવાઓ પૂરી પાડવા માટે જરૂરી ક્ષમતા, નિપુણતા તથા સુદૃઢતા ધરાવતા હોય.

આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, **આઈસીએઆઈ (એલએલપીના એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024** એક સક્ષમકારી રૂપરેખા પૂરી પાડે છે, જેના માધ્યમથી એલએલપીઓ એકસાથે આવીને પોતાની વ્યાવસાયિક ઓળખ અને સ્વતંત્રતા જાળવી રાખીને પોતાની સામૂહિક ક્ષમતાઓનો લાભ લઇ શકે છે. આ રૂપરેખા સહયોગને પ્રોત્સાહન આપવા, સંસ્થાગત ક્ષમતાને સુદૃઢ બનાવવા તથા સીએ ફર્મોના દીર્ઘકાલીન વિકાસને સુગમ બનાવવાની દિશામાં એક પ્રગતિશીલ પગલું છે.

આ માર્ગદર્શિકા અંગેના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) રૂપરેખાની વિવિધ જોગવાઇઓ તથા વ્યવહારુ પાસાઓ અંગે સ્પષ્ટતા પ્રદાન કરવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યા હતા. આ FAQsની વિવિધ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધતા તેમની પહોંચને વધુ વ્યાપક બનાવશે તથા સભ્યોના વધુ મોટા વર્ગને આ મૂલ્યવાન માર્ગદર્શનનો લાભ મેળવવા સક્ષમ બનાવશે.

હું **સીએ. સતીશ કુમાર ગુપ્તા, ચેરમેન** તથા **સીએ. સંજય કુમાર અગ્રવાલ, વાઇસ-ચેરમેન, સીએ ફર્મોના એકત્રીકરણ માટેની સમિતિ**, તેમજ સમિતિના તમામ સભ્યોને આ પ્રકાશન તૈયાર કરવા માટે કરવામાં આવેલા તેમના પ્રયાસો બદલ અભિનંદન પાઠવું છું. મને વિશ્વાસ છે કે આ

પ્રકાશન સભ્યો માટે એક મૂલ્યવાન સંસાધન સાબિત થશે તથા માર્ગદર્શિકા અને સીએ ફર્મોની વૃદ્ધિ તથા વિકાસ માટે તેના દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી તકોને વધુ સારી રીતે સમજવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

સીએ. પ્રસન્ના કુમાર ડી

પ્રેસિડેન્ટ, આઈસીએઆઈ

આઈસીએઆઈના વાઇસ-પ્રેસિડેન્ટનો સંદેશ

જ્ઞાન ખરેખર ત્યારે જ મૂલ્યવાન બને છે, જ્યારે તેને સરળતાથી સમજી શકાય અને આત્મવિશ્વાસ સાથે વ્યવહારમાં લાગુ કરી શકાય. જેમ જેમ પ્રોફેશન નવી તકો અને વ્યાવસાયિક પ્રેક્ટિસના વિકસતા મોડેલોને અપનાવી રહ્યું છે, તેમ તેમ સભ્યોને એવું વ્યવહારુ માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવું આવશ્યક છે, જે તેમને આ રૂપરેખાઓને અસરકારક રીતે સમજવા અને અમલમાં મૂકવા સક્ષમ બનાવે.

આઇસીએઆઇ (એલએલપીના એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 એક નવીન રૂપરેખા પ્રદાન કરે છે, જે એલએલપીઓને તેમની વ્યક્તિગત ઓળખ જાળવી રાખીને સહયોગ કરવા, તેમની સામૂહિક ક્ષમતાઓનો લાભ લેવા તથા મોટા વ્યાવસાયિક મંચોનું નિર્માણ કરવા સક્ષમ બનાવે છે. વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) વ્યવહારુ મુદ્દાઓનું નિરાકરણ કરવા તથા આ રૂપરેખાના વિવિધ પાસાઓ અંગે વધુ સ્પષ્ટતા પ્રદાન કરવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યા છે.

આ FAQsનું વિવિધ ભારતીય ભાષાઓમાં પ્રકાશન એક પ્રશંસનીય પહેલ છે, જે આ મૂલ્યવાન સંસાધનને દેશભરના સભ્યો માટે વધુ સુલભ અને ઉપયોગકર્તા-અનુકૂળ બનાવશે. પ્રાદેશિક ભાષાઓમાં વ્યાવસાયિક માર્ગદર્શન ઉપલબ્ધ કરાવીને સમિતિએ જાગૃતિ વધારવા, વધુ સારી સમજને સુગમ બનાવવા તથા આ રૂપરેખાને વ્યાપકપણે અપનાવવા માટે પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

હું આ વિચારપૂર્વકની પહેલ માટે **સીએ. સતીશ કુમાર ગુપ્તા, ચેરમેન**, **સીએ. સંજય કુમાર અગ્રવાલ, વાઇસ-ચેરમેન**, તથા **સીએ ફર્મોના એકત્રીકરણ માટેની સમિતિ**ના તમામ સભ્યોના પ્રયાસોની પ્રશંસા કરું છું.

હું આ પહેલની સફળતા માટે મારી હાર્દિક શુભકામનાઓ પાઠવું છું અને મને વિશ્વાસ છે કે માર્ગદર્શિકા હેઠળ ઉપલબ્ધ તકોને સમજવા અને તેનો

લાભ લેવા ઇચ્છતા સભ્યો માટે આ એક મૂલ્યવાન સંદર્ભ તરીકે ઉપયોગી સાબિત થશે.

સીએ. મંગેશ કિનારે

વાઇસ-પ્રેસિડેન્ટ, આઈસીએઆઈ

એસીએએફસીના ચેરમેનનો સંદેશ

સીએ ફર્મોના એકત્રીકરણ માટેની સમિતિના મુખ્ય ઉદ્દેશ્યોમાંનો એક એવા સહયોગાત્મક મોડેલોનું પ્રોત્સાહન આપવાનો છે, જે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ફર્મોને તેમની ક્ષમતાઓ મજબૂત બનાવવા, તેમની પહોંચનો વિસ્તાર કરવા તથા ટકાઉ વ્યાવસાયિક સંસ્થાઓનું નિર્માણ કરવા સક્ષમ બનાવે છે. સમિતિનો દૃઢ વિશ્વાસ છે કે સહયોગ અને સામૂહિક વિકાસ પ્રોફેશનના ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ જ દૃષ્ટિકોણ સાથે આઇસીએઆઇ (એલએલપીના એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 રજૂ કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા એલએલપીઓને એક સાથે આવવા, તેમની સામૂહિક શક્તિઓનો ઉપયોગ કરવા તથા એવી સુવ્યવસ્થિત વ્યવસ્થા હેઠળ કાર્ય કરવાની રૂપરેખા પ્રદાન કરે છે, જે સહભાગી શાસન, વ્યાવસાયિક સમન્વય તથા દીર્ઘકાલીન વિકાસને પ્રોત્સાહિત કરે છે. આ માળખું ફર્મો વચ્ચે વધુ સહયોગને પ્રોત્સાહન આપવા પ્રયત્ન કરે છે, સાથે સાથે તેમની વ્યક્તિગત ઓળખ અને વ્યાવસાયિક સ્વતંત્રતાનું પણ સંરક્ષણ કરે છે.

સભ્યોને માર્ગદર્શિકાની જોગવાઇઓ તથા તેના વ્યવહારુ અમલીકરણને સમજવામાં સહાય મળે તે હેતુથી સમિતિએ આ માર્ગદર્શિકા આધારિત વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) નું એક પ્રકાશન બહાર પાડ્યું હતું. આ માર્ગદર્શનને સભ્યવર્ગના વધુ વ્યાપક વર્ગ સુધી પહોંચાડવાના મહત્વને ધ્યાનમાં રાખીને સમિતિએ હવે આ FAQsનું વિવિધ ભારતીય ભાષાઓમાં અનુવાદ કરાવ્યો છે.

સભ્યો માટે તકનીકી સંકલ્પનાઓને સમજવી ઘણીવાર વધુ સરળ બની જાય છે, જ્યારે તે તેમને પરિચિત ભાષામાં રજૂ કરવામાં આવે. તેથી આશા છે કે આ પ્રાદેશિક ભાષાના સંસ્કરણો સભ્યોને માર્ગદર્શિકાના હેતુ તથા તેના વ્યવહારુ પાસાઓને વધુ સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે સમજવામાં મદદરૂપ થશે.

હું આઇસીએઆઇના **પ્રેસિડેન્ટ**, સીએ. પ્રસન્ના કુમાર ડી તથા **વાઇસ-પ્રેસિડેન્ટ**, સીએ. મંગેશ પી. કિનારે દ્વારા પ્રાપ્ત થયેલા સતત સહયોગ, પ્રોત્સાહન અને માર્ગદર્શન માટે હાર્દિક પ્રશંસા વ્યક્ત કરું છું. સાથે સાથે, હું સમિતિના તમામ સભ્યો તથા આ પ્રકાશનને સાકાર બનાવવા માટે યોગદાન આપનાર તમામ વ્યક્તિઓના અમૂલ્ય યોગદાન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મને વિશ્વાસ છે કે આ પહેલ જાગૃતિને વધુ મજબૂત બનાવશે અને સમગ્ર દેશમાં વધુ સશક્ત, ટકાઉ તથા ભવિષ્ય માટે તૈયાર સીએ ફર્મોના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

સીએ. સતીશ કુમાર ગુપ્તા

ચેરમેન

સીએ ફર્મોના એકત્રીકરણ માટેની સમિતિ

એસીએએફસીના વાઇસ-ચેરમેનનો સંદેશ

આઇસીએઆઇ (એલએલપીના એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મો વચ્ચે સહયોગાત્મક વિકાસને પ્રોત્સાહન આપવાના આઇસીએઆઇના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ માળખું એલએલપીઓને તેમની સામૂહિક ક્ષમતાઓનો લાભ લેવા, સંસાધનોની વહેંચણી કરવા તથા વ્યાવસાયિક વિકાસ અને સંસ્થાકીય પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા દ્વારા સાથે મળીને કાર્ય કરવાની તક પ્રદાન કરે છે.

આ જ હેતુથી આ માર્ગદર્શિકા અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) તૈયાર કરવામાં આવ્યા છે, જેથી સભ્યોની સામાન્ય જિજ્ઞાસાઓનું નિરાકરણ થઇ શકે તેમજ પાત્રતા, વહીવટ, પ્રેક્ટિસ અને કામગીરી સંબંધિત મુદ્દાઓ પર વધુ સ્પષ્ટતા પ્રાપ્ત થઇ શકે.

આ મહત્વપૂર્ણ પ્રકાશનની પહોંચ વધુ વ્યાપક બને તે હેતુથી સમિતિએ આ FAQsનું વિવિધ ભારતીય ભાષાઓમાં અનુવાદ કરાવવાનો ઉપક્રમ હાથ ધર્યો છે. આ પહેલનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે સભ્યો આ માર્ગદર્શિકાઓ સુધી વધુ સરળતા અને આત્મવિશ્વાસ સાથે પહોંચી શકે તેમજ તેને સારી રીતે સમજી તેનો અસરકારક ઉપયોગ કરી શકે.

હું સમિતિની પહેલોને સતત પ્રોત્સાહન આપવા બદલ આઇસીએઆઇના પ્રેસિડેન્ટ સીએ. પ્રસન્ના કુમાર ડી. તથા વાઇસ-પ્રેસિડેન્ટ સીએ. મંગેશ પી. કિનારેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. હું સમિતિના તમામ સભ્યોનો પણ આભાર માનું છું, જેમણે આ પહેલને સફળ બનાવવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે આ પ્રકાશન સભ્યો માટે ઉપયોગી સંદર્ભ સામગ્રી સાબિત થશે તથા આઇસીએઆઇ

(એલએલપીના એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 અંગે વ્યાપક સમજ વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

સીએ. સંજય કુમાર અગ્રવાલ

વાઇસ-ચેરમેન

સીએ ફર્મોના એકત્રીકરણ માટેની સમિતિ

પ્રસ્તાવના

આજના ઝડપથી બદલાતા વ્યાવસાયિક પરિદ્રશ્યમાં, એ અનિવાર્ય છે કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (સીએ) અને તેમની પેઢીઓ નવી પડકારો અને તકોને પહોંચી વળવા માટે સક્રિયપણે અનુકૂલન સાધે. સેવાઓનું વૈશ્વિકરણ, તકનીકી પ્રગતિ અને વધતી જતી નિયમનકારી માંગોએ આ વ્યવસાય પ્રત્યેની અપેક્ષાઓને નવું સ્વરૂપ આપ્યું છે. આ બદલાતા વાતાવરણના પ્રતિભાવમાં, આઈસીએઆઈ ની કમિટી ફોર એગ્રીગેશન ઓફ સીએ ફર્મ્સ (સીએસીએએફ) એ સીએ પેઢીઓ, ખાસ કરીને જેઓ એલ.એલ.પી. તરીકે સંરચિત છે, તેઓ કેવી રીતે પરસ્પર સહયોગ કરી શકે, વિકાસ કરી શકે અને તેમની સેવા વિતરણમાં સુધારો કરી શકે તે અંગે પુનઃવિચાર કરવાનું મહત્વપૂર્ણ કાર્ય હાથ ધર્યું છે.

આઈસીએઆઈ (એલ.એ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 ને એલ.એલ.પી. ના સીમલેસ જોડાણને સુવિધાજનક બનાવવા માટે બારીકાઈથી તૈયાર કરવામાં આવી છે, જે તેમને તેમની ઘટક પેઢીઓની સ્વતંત્રતા અને વ્યાવસાયિક અખંડિતતા જાળવી રાખીને એક એકીકૃત સંસ્થા તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવે છે. આ માર્ગદર્શિકા સહિયારી શાસન વ્યવસ્થા (શેર્ડ ગવર્નન્સ), સંસાધનોનું એકત્રીકરણ અને સમાન ગુણવત્તા નિયંત્રણ માળખાના પાલન પર ભાર મૂકે છે, જેનો ઉદ્દેશ્ય વ્યાવસાયિક સેવાઓની જોગવાઈમાં સુસંગતતા સુનિશ્ચિત કરવાનો છે. આ પહેલ માત્ર સીએ પેઢીઓને તેમની કામગીરીનો વ્યાપ વધારવાની મંજૂરી જ નથી આપતી, પરંતુ વિવિધ ભૌગોલિક ક્ષેત્રોમાં તેમના ગ્રાહકોની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવા માટે સક્ષમ પણ બનાવે છે.

જ્યારે અમે આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 પરના સામાન્ય પ્રશ્નો રજૂ કરી રહ્યા છીએ, ત્યારે અમારો ઉદ્દેશ્ય હિતધારકોના સામાન્ય પ્રશ્નોના વિગતવાર જવાબો અને આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનો છે. આ પ્રશ્નો પેઢીઓને માર્ગદર્શિકા પાછળની જટિલતાઓ, વ્યવહારિક અસરો અને નિયમનકારી હેતુની ઊંડી સમજ મેળવવામાં મદદ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં પેરેન્ટ અને પાર્ટનર એલ.એલ.પી. ની ભૂમિકાઓ, એકત્રીકરણનું પ્રક્રિયાગત માળખું અને તેને લગતી કામગીરીની બાબતોનો સમાવેશ થાય છે.

હું સીએ. સંજય કુમાર અગ્રવાલ, ચેરમેન, સીએસીએએફ, અને સીએ. બાબુ અબ્રાહમ કલ્લીવયાલિલ, વાઇસ-ચેરમેન, સીએસીએએફ ના વિઝન અને માર્ગદર્શન બદલ તેમનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરું છું. હું આ પહેલમાં તેમના વિચારશીલ યોગદાન બદલ સીએસીએએફ ના તમામ સભ્યોનો પણ આભાર માનું છું. મને વિશ્વાસ છે કે આ પ્રકાશન સામૂહિક રીતે વિકાસ કરવા, વધુ અસરકારક રીતે સ્પર્ધા કરવા અને વ્યવસાયની બદલાતી આકાંક્ષાઓમાં સાર્થક યોગદાન આપવા ઈચ્છતી પેઢીઓ માટે એક વ્યવહારુ રોડમેપ (માર્ગદર્શિકા) તરીકે કામ કરશે.

સીએ. ચરણજોત સિંહ નંદા
પ્રમુખ, આઈસીએઆઈ

વાઇસ-પ્રેસિડેન્ટનો સંદેશ

આઈસીએઆઈ (એલ.એ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 પરના આ પ્રકાશનનું વિમોચન, પેઢીઓને એવા માળખાં પૂરા પાડવા માટેની સંસ્થાની પ્રતિબદ્ધતાના પ્રમાણપત્ર સમાન છે જે વિઝનમાં પ્રગતિશીલ અને અમલીકરણમાં વ્યવહારુ હોય.

વધતી જતી નિયમનકારી જટિલતા, ગ્રાહકોની અપેક્ષાઓ અને બહુઆયામી સેવા વિતરણની જરૂરિયાત દ્વારા વ્યાખ્યાયિત આ યુગમાં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને વ્યાવસાયિક સ્વતંત્રતા સાથે સમાધાન કર્યા વિના સહયોગને પ્રોત્સાહન આપતા માધ્યમો દ્વારા સશક્ત બનાવવા અનિવાર્ય છે. આઈસીએઆઈ (એલ.એ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 બરાબર આવી જ તક એલ.એલ.પી.-સંરચિત સીએ પેઢીઓને સંસાધનોનું સંકલન કરવા, કામગીરીમાં સુમેળ સાધવા અને એકીકૃત છતાં સ્વાયત્ત સંસ્થાઓ તરીકે કાર્ય કરવા માટે પ્રદાન કરે છે.

સુઆયોજિત રીતે તૈયાર કરાયેલા સામાન્ય પ્રશ્નો ધરાવતું આ પ્રકાશન, એકત્રીકરણની પ્રક્રિયાને સરળ બનાવવા અને આ માર્ગ અપનાવવાનું વિચારી રહેલી પેઢીઓને ખૂબ જ જરૂરી સ્પષ્ટતા આપવા માટે વિકસાવવામાં આવ્યું છે. મને એ નોંધતા વિશેષ આનંદ થાય છે કે આમાં કામગીરીની સ્વાયત્તતા, સહિયારી શાસન વ્યવસ્થા અને ગુણવત્તા નિયંત્રણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જે એકત્રિત માળખામાં વિશ્વાસ અને સમાનતા કેળવવામાં મદદરૂપ સાબિત થશે.

હું આ માળખું વિકસાવવામાં તેમની દીર્ઘદૃષ્ટિ બદલ કમિટી ફોર એગ્રીગેશન ઓફ સીએ ફર્મ્સના ચેરમેન સીએ. સંજય કુમાર અગ્રવાલ; વાઇસ-ચેરમેન સીએ. બાબુ અબ્રાહમ કલ્લીવયાલિલ અને સમિતિના અન્ય સભ્યોની પ્રશંસા કરું છું અને આ વિઝનને વ્યવહારિક સંસાધનમાં રૂપાંતરિત કરવાના તેમના અથાક પ્રયાસો બદલ સમગ્ર ટીમનો આભાર માનું છું. મને વિશ્વાસ છે કે આ પ્રકાશન સામૂહિક રીતે વિકાસ કરવા અને વ્યવસાય તેમજ સમગ્ર અર્થતંત્રમાં વધુ અસરકારક રીતે યોગદાન આપવા ઈચ્છતી સીએ પેઢીઓ માટે એક મૂલ્યવાન માર્ગદર્શિકા સાબિત થશે.

સીએ. પ્રસન્ન કુમાર ડી
વાઇસ-પ્રેસિડેન્ટ, આઈસીએઆઈ

નવી દિલ્હી

જુલાઈ 2025

પ્રસ્તાવના

ધ ઇન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (આઈસીએઆઈ) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (સીએ) ને વધુને વધુ જટિલ અને ગતિશીલ વૈશ્વિક વાતાવરણમાં સફળ થવા માટે સશક્ત કરવા પ્રતિબદ્ધ છે. વ્યાવસાયિક પ્રેક્ટિસના બદલાતા પરિદ્રશ્ય અને સીએ પેઢીઓની તેમની ક્ષમતાઓ તેમજ પહોંચ વિસ્તારવાની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને, આઈસીએઆઈ એ ટકાઉ વિકાસ અને શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવા માટે સતત ભાવિ-લક્ષી પહેલો રજૂ કરી છે.

આ પ્રતિબદ્ધતાને આગળ ધપાવતા, આઈસીએઆઈ એ તેની કમિટી ફોર એગ્રીગેશન ઓફ સીએ ફર્મ્સ (સીએસીએએફ) દ્વારા 'આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 રજૂ કરી છે. આ માર્ગદર્શિકા એલ.એલ.પી. તરીકે નોંધાયેલી સીએ પેઢીઓને તેમની શક્તિઓને મજબૂત કરવા, તેમના સંયુક્ત સંસાધનોનો લાભ લેવા અને ભારતમાં વિવિધ સ્થળોએ તેમની સેવા વિતરણ સુધારવા માટે સક્ષમ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આનો ઉદ્દેશ્ય એક મજબૂત, સુસંગત માળખું ઊભું કરવાનો છે જે વધુ સારા સહયોગ, ગુણવત્તા નિયંત્રણ અને કામગીરીની કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપે, જે આખરે ગ્રાહકો અને વ્યાપક અર્થતંત્રને લાભદાયી નીવડે.

હિતધારકોને આ માર્ગદર્શિકાની જટિલતાઓને સમજવામાં મદદ કરવા માટે, અમે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યૂ) નો એક સેટ તૈયાર કર્યો છે. આ પ્રશ્નો માર્ગદર્શિકાના વિવિધ પાસાઓને આવરી લે છે, જે આ પ્રક્રિયામાં સામેલ પદ્ધતિઓ, પાત્રતાના માપદંડો, અનુપાલનની જવાબદારીઓ (કમ્પ્લાયન્સ ઓબ્લિગેશન્સ) અને 'આઈસીએઆઈ (એલ.એ.પી.નું

એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024' ના વ્યવહારિક અમલીકરણ પર સ્પષ્ટતા અને દિશા પ્રદાન કરે છે.

આ પ્રકાશનને સફળતાપૂર્વક સાકાર કરવા માટે સમિતિના તમામ સભ્યોની અતૂટ પ્રતિબદ્ધતા અને મહત્વપૂર્ણ યોગદાન બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. હિતધારકો અને પ્રેક્ટિસ કરતા વ્યાવસાયિકો દ્વારા શેર કરાયેલા વિવિધ દ્રષ્ટિકોણોએ આ માર્ગદર્શિકાની વ્યવહારિક સુસંગતતા, સ્પષ્ટતા અને ઊંડાણને નોંધપાત્ર રીતે વધાર્યું છે. અમે આ પહેલને સમર્થન આપવા અને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સીએસીએએફ (સીએસીએએફ) ના સેક્રેટરી સુશ્રી પારુલ ગોયલ; સુશ્રી પૂર્ણિમા શર્મા; અને સમગ્ર ટીમની મહેનતની પણ પ્રશંસા કરીએ છીએ. અમારી નિષ્ઠાપૂર્વકની આશા છે કે આ પ્રશ્નો દેશભરની સીએ પેઢીઓ માટે એક વિશ્વસનીય અને વ્યવહારુ સંસાધન તરીકે સેવા આપશે, જે તેમને એકત્રીકરણના આ માળખા સાથે સ્પષ્ટતા, આત્મવિશ્વાસ અને હેતુપૂર્વક જોડાવા માટે સક્ષમ બનાવશે.

સીએ. સંજય કુમાર અગ્રવાલ
ચેરમેન, સીએસીએએફ

સીએ. બાબુ અબ્રાહમ કલ્લીવયાલિલ
વાઇસ-ચેરમેન, સીએસીએએફ

જુલાઈ, 2025

નવી દિલ્હી

અસ્વીકરણ

આ પ્રકાશન ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા (આઇસીએઆઇ) દ્વારા જારી કરવામાં આવેલા મૂળ અંગ્રેજી પ્રકાશનનું અનુવાદિત સંસ્કરણ છે અને સભ્યોમાં તેનો વ્યાપક પ્રસાર તથા સરળ સમજણ સુનિશ્ચિત કરવાના એકમાત્ર હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે.

અનુવાદની ચોકસાઇ, સંપૂર્ણતા અને મૂળ લખાણ પ્રત્યેની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે દરેક વાજબી પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં, અજાણતાં થયેલી ભૂલો, કોઇ બાબત રહી જવી અથવા ભાષાકીય ભિન્નતાઓની શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. આ અનુવાદિત સંસ્કરણ અને મૂળ અંગ્રેજી પ્રકાશન વચ્ચે કોઇ અસંગતતા, અસ્પષ્ટતા, વિરોધાભાસ અથવા વિસંગતિ હોય, તો આઇસીએઆઇ દ્વારા જારી કરવામાં આવેલ મૂળ અંગ્રેજી સંસ્કરણને માન્યતા આપવામાં આવશે.

આ પ્રકાશનનું મૂળ અંગ્રેજી સંસ્કરણ આઇસીએઆઇની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને તેને અહીંથી મેળવી શકાય છે:

https://resource.cdn.icai.org/87331cacaf67953-faq.pdf

અહીં આપવામાં આવેલા વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ)નો હેતુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૧૫(૨)(એફએ) હેઠળ જારી કરવામાં આવેલી આઇસીએઆઇ (એલએલપીઓનું એકત્રીકરણ) માર્ગદર્શિકા, ૨૦૨૪ અંગે સ્પષ્ટતા અને સમજણ પ્રદાન કરવાનો છે. [આ માર્ગદર્શિકા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ્સ અને કંપની સેક્રેટરીઝ (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ (૨૦૨૨નો

અધિનિયમ ક્રમાંક ૧૨) દ્વારા સુધારવામાં આવી છે.] આ વારંવાર પૂછાતા પ્રશ્નો ભારતના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા (આઇસીએઆઇ) દ્વારા નિયમિત સમયાંતરે કરવામાં આવતા સુધારા અને ફેરફારોને આધીન છે, જે સંસ્થાની નિયમનકારી આવશ્યકતાઓ અથવા તેના અર્થઘટનોમાં થતા ફેરફારોને પ્રતિબિંબિત કરે છે. કૃપા કરીને નોંધ લો કે રજૂ કરવામાં આવેલી માહિતીની ચોકસાઇ અને સુસંગતતા સુનિશ્ચિત કરવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, તેમ છતાં આ વારંવાર પૂછાતા પ્રશ્નો સંપૂર્ણ નથી અને તેમને કાનૂની સલાહ અથવા અભિપ્રાય તરીકે સમજવા નહીં. વપરાશકર્તાઓને આઇસીએઆઇ દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માર્ગદર્શિકાનો સંદર્ભ લેવા સલાહ આપવામાં આવે છે.

આ વારંવાર પૂછાતા પ્રશ્નોમાં આપવામાં આવેલી માહિતી પ્રકાશનના સમયે અમલમાં રહેલી અને સમજવામાં આવેલી વર્તમાન માર્ગદર્શિકા તથા પ્રથાઓ પર આધારિત છે.

વિષયસૂચિ

પ્રકરણ **1** : પાત્રતા 1

પ્રકરણ **2** : નામકરણ, નોંધણી, પુનર્ગઠન અને બહાર નીકળવું 6

પ્રકરણ **3** : પ્રેક્ટિસ 10

પ્રકરણ **4** : પરચૂરણ 17

પ્રકરણ 1

પાત્રતા

પ્રશ્ન1. આ માર્ગદર્શિકા હેઠળ એલ.એલ.પી. બનાવવા અથવા ભાગીદાર (પાર્ટનર) તરીકે જોડાવા માટે કોણ પાત્ર છે?

કોઈપણ પૂર્ણ-સમયના પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ/(ઓ) (સીએ) અથવા લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (એલએલપી) કે જેમાં 50% થી વધુ ભાગીદારો આઈસીએઆઈમાં નોંધાયેલા પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ હોય, તેઓ નવી એલએલપી બનાવી શકે છે અથવા ભાગીદાર તરીકે હાલની એલએલપીમાં જોડાઈ શકે છે; શરત માત્ર એટલી કે એલએલપી એક્ટ, 2008 ની કલમ 7 ના પાલનમાં કોઈપણ સમયે વ્યક્તિગત પૂર્ણ-સમય પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની સંખ્યા બે કરતાં ઓછી ન હોવી જોઈએ. આ નિયમ પેરન્ટ અને પાર્ટનર એલએલપી બંનેને સમાન રીતે લાગુ પડે છે.

પ્રશ્ન2. કઈ એલએલપીને પેરન્ટ એલએલપી કહેવામાં આવશે?

આ માર્ગદર્શિકા હેઠળ, પેરન્ટ એલએલપી એટલે એવી એલએલપી કે જે તેના ભાગીદારો તરીકે 50% થી વધુ વ્યક્તિગત પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ધરાવે છે અને જે આઈસીએઆઈમાં નોંધાયેલી અન્ય એલએલપીને ભાગીદાર (એલએલપી) તરીકે પ્રવેશ આપે છે.

પ્રશ્ન3. બહુમતી કેવી રીતે નક્કી કરવામાં આવે છે?

આ માર્ગદર્શિકા હેઠળ, પાત્રતાની ગણતરીના હેતુ માટે બહુમતી અથવા 50% થી વધુના માપદંડની ગણતરી ભાગીદારોની સંખ્યા તેમજ એલએલપીમાં તેમના નફાના કુલ હિસ્સા બંનેના આધારે કરવામાં આવશે. આ બહુમતીનો માપદંડ પેરન્ટ અને પાર્ટનર એલએલપી બંને માટે સ્થાપિત કરવામાં આવ્યો છે.

પ્રશ્ન4. શું બે ભાગીદારો ધરાવતી એલએલપી, જેમાં એક પૂર્ણ-સમય પ્રેક્ટિસમાં હોય અને બીજો અંશકાલિક પ્રેક્ટિસમાં હોય, તે આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 હેઠળ પાત્ર છે?

આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા 2024 હેઠળ, એલએલપી એક્ટ, 2008 ની કલમ 7 ના પાલનમાં એલએલપીમાં તમામ સમયે ઓછામાં ઓછા બે વ્યક્તિગત પૂર્ણ-સમય પ્રેક્ટિસ કરતા સીએ (સીએ) હોવા આવશ્યક છે. આ નિયમ પેરન્ટ અને પાર્ટનર એલએલપી બંનેને સમાન રીતે લાગુ પડે છે.

વધુમાં, 50% થી વધુ ભાગીદારો આઈસીએઆઈમાં નોંધાયેલા પૂર્ણ-સમય પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ હોવાનો માપદંડ પણ પૂર્ણ થવો જરૂરી છે.

પ્રશ્ન5. આવી સીએ ફર્મ એલ.એલ.પી. માં અન્ય 49% ભાગીદારો કોણ છે?

વર્તમાન સમયમાં, આવી સીએ ફર્મ એલ.એલ.પી. માં અન્ય 49% ભાગીદારો પણ આઈસીએઆઈ સાથે નોંધાયેલા પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ જ છે. આ માર્ગદર્શિકામાં ભવિષ્યના હેતુઓ માટે મલ્ટિ-ડિસિપ્લિનરી પાર્ટનરશિપ (એમડીપી - બહુ-

વિદ્યાશાખાકીય ભાગીદારી) ના માળખાને આઈસીએઆઈ સાથે નોંધણી કરવા માટે સમાવવામાં આવ્યું છે, જે તેના અમલીકરણની સાથે જ કાર્યરત થશે.

પ્રશ્ન6. અમે એબીસી & એલએલપી છીએ, શું અમે વિવિધ અસાઇનમેન્ટ્સ (કામગીરી) માટે, આપેલા સમયે પેરન્ટ અથવા પાર્ટનર તરીકે, બહુવિધ (એક કરતાં વધુ) એલએલપી સાથે ભાગીદાર બની શકીએ?

ના, આ માર્ગદર્શિકા હેઠળ આપેલા સમયે કોઈ પાર્ટનર એલએલપી માત્ર એક જ પેરન્ટ એલએલપીની ભાગીદાર બની શકે છે અને કોઈ પેરન્ટ એલએલપી અન્ય કોઈ એલએલપીની ભાગીદાર બની શકતી નથી.

પ્રશ્ન7. ભાગીદારોની સંખ્યા અને તેમના નફાના કુલ હિસ્સા બંનેમાં સીએ ની બહુમતી રાખવાનો હેતુ શું છે?

ભાગીદારોની સંખ્યા અને તેમના નફાના કુલ હિસ્સા બંનેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (સીએ) ની બહુમતી રાખવાની જરૂરિયાત કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 141 સાથે સુસંગત છે, જે સ્પષ્ટ કરે છે કે,

"કલમ 141(1): કોઈ વ્યક્તિ કંપનીના ઓડિટર (વિકાસક/તપાસક) તરીકે નિમણૂક માટે ત્યારે જ પાત્ર બનશે જો તે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય: શરત એટલી કે, જે પેઢીના ભારતમાં પ્રેક્ટિસ કરતા મોટાભાગના (બહુમતી) ભાગીદારો ઉપરોક્ત નિમણૂક માટે લાયકાત ધરાવતા હોય, તેવી પેઢીને તેના પેઢીના નામે કંપનીના ઓડિટર તરીકે નિમણૂક આપી શકાય છે.

(2): જ્યાં લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ (એલએલપી) સહિતની પેઢીને કંપનીના ઓડિટર તરીકે નિયુક્ત કરવામાં આવે છે, ત્યાં માત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય તેવા જ ભાગીદારોને પેઢી વતી કામ કરવા અને સહી કરવા માટે અધિકૃત કરવામાં આવશે."

તદનુસાર, એક મલ્ટિ-ડિસિપ્લિનરી પાર્ટનરશિપ (એમડીપી), જેમાં મોટાભાગના ભાગીદારો બિન-સીએ હોય, તે કંપનીઝ એક્ટ, 2013 હેઠળ વૈધાનિક ઓડિટ માટે પાત્ર નથી. આ નિયમનું પાલન સુનિશ્ચિત કરવા માટે, ઓડિટર તરીકે નિયુક્ત એમડીપીએ સંખ્યા અને નફાના હિસ્સા બંનેમાં સીએ ભાગીદારોની બહુમતી જાળવી રાખવી આવશ્યક છે. કંપનીઝ એક્ટ, 2013 હેઠળ વૈધાનિક ઓડિટર તરીકે નિમણૂકના હેતુ માટે પ્રેક્ટિસમાં રહેલા એમડીપી સીએની પાત્રતા નક્કી કરવા માટે 'બહુમતીનો માપદંડ' ભાગીદારોની સંખ્યા તેમજ પ્રેક્ટિસમાં રહેલા એમડીપી સીએમાં તેમના નફાના કુલ હિસ્સા બંનેના આધારે ગણવામાં આવશે, જેથી બહુમતીનો માપદંડ સ્પષ્ટપણે સ્થાપિત થઈ શકે.

વધુમાં, એ નોંધવું જરૂરી છે કે એલએલપીના ભાગીદારોની જવાબદારી મર્યાદિત હોય છે.

આ પાસાને ધ્યાનમાં રાખીને, બહુમતી માટેની ઉપરોક્ત શરત લાગુ પડશે.

પ્રશ્ન8. એલ.એ.પી. (એલએલપી) માં કોઈપણ સમયે ઓછામાં ઓછા બે વ્યક્તિગત પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ હોવાની શરત માર્ગદર્શિકામાં શા માટે દર્શાવવામાં આવી છે?

એલ.એલ.પી. એક્ટ, 2008 ની કલમ 7(1) નું પાલન કરવા માટે એલએલપીમાં ઓછામાં ઓછા બે વ્યક્તિગત પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ હોવાની શરત દર્શાવવામાં આવી છે.

પ્રશ્ન૭. શું સી.ઓ.પી. (સીઓપી - સર્ટિફિકેટ ઓફ પ્રેક્ટિસ) વગરના આઈસીએઆઈના સભ્ય આ માર્ગદર્શિકા હેઠળ એલએલપીમાં ભાગીદાર બની શકે છે?

ના, સીઓપી વગરના આઈસીએઆઈના સભ્ય સીએ ફર્મ એલ.એલ.પી. માં ભાગીદાર બની શકતા નથી. વર્તમાન સમયમાં, આવી સીએ ફર્મ એલ.એલ.પી.માં અન્ય 49% ભાગીદારો પણ આઈસીએઆઈ સાથે નોંધાયેલા પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ જ છે. આ માર્ગદર્શિકામાં ભવિષ્યના હેતુઓ માટે મલ્ટિ-ડિસિપ્લિનરી પાર્ટનરશિપ (એમડીપી - બહુ-વિદ્યાશાખાકીય ભાગીદારી) ના માળખાને આઈસીએઆઈ સાથે નોંધણી કરવા માટે સમાવવામાં આવ્યું છે, જે તેના અમલીકરણની સાથે જ કાર્યરત થશે.

પ્રકરણ 2

નામકરણ, નોંધણી, પુનર્ગઠન અને બહાર નીકળવું

પ્રશ્ન10. નવી એલ.એલ.પી. (એલએલપી) નું નામકરણ કેવી રીતે થવું જોઈએ? શું તેમાં એગ્રીગેશન, એલાયન્સ, એફિલિએશન જેવા પ્રત્યયો સામેલ હશે?

આ માર્ગદર્શિકા હેઠળ, એલએલપીના નામોની મંજૂરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ રેગ્યુલેશન્સ, 1988 ના રેગ્યુલેશન 190, સીએ પેઢીઓને એલએલપીમાં રૂપાંતરિત કરવા માટેની કાઉન્સિલ માર્ગદર્શિકા 2024, આ વિષય પર એમસીએ દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતા પરિપત્રો, એલએલપી એક્ટ, 2008 ની લાગુ જોગવાઈઓ અને આરઓસી દ્વારા સમયાંતરે અનુસરવામાં આવતી પ્રથા દ્વારા સંચાલિત થશે.

પ્રશ્ન11. આ માર્ગદર્શિકા હેઠળ એલએલપીની નોંધણી કેવી રીતે થાય છે?

આ માર્ગદર્શિકા હેઠળ, એલએલપીએ આ માર્ગદર્શિકા અંતર્ગત સંસ્થામાં નોંધણી કરાવવી પડશે અને તમામ ભાગીદાર એલએલપીની વિગતોને રેકોર્ડમાં અમલમાં મૂકવામાં આવશે જેથી સંયુક્ત શક્તિ, ભૌગોલિક હાજરી વગેરે પ્રદર્શિત થઈ શકે, અને અન્ય કોઈપણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એલએલપીના કિસ્સામાં અનુસરવામાં આવતી પ્રક્રિયા મુજબ ફર્મ રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. વધુમાં, એલએલપીએ રજિસ્ટ્રાર ઓફ

કંપનીઝ (આરઓસી) દ્વારા સમયાંતરે અનુસરવામાં આવતી પ્રથા અને પ્રક્રિયાઓનું પાલન કરવું આવશ્યક છે.

પ્રશ્ન12. પુનર્ગઠનના કિસ્સામાં શું થાય છે?

આ માર્ગદર્શિકા હેઠળ, સમયાંતરે લાગુ પડતા કાયદાઓ મુજબની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને આઈસીએઆઈ અને અન્ય નિયમનકારી સંસ્થાઓમાં પુનર્ગઠનની નોંધણી કરાવવી આવશ્યક છે.

પ્રશ્ન13. એલએલપીના ભાગીદારોમાં થતો ફેરફાર એલએલપી એક્ટ, 2008 હેઠળ તેના અસ્તિત્વ, અધિકારો કે જવાબદારીઓને કેવી રીતે અસર કરે છે?

એલએલપી એક્ટ, 2008 ની કલમ 3(3) અનુસાર, લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપના ભાગીદારોમાં થતો કોઈપણ ફેરફાર તે લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપના અસ્તિત્વ, અધિકારો કે જવાબદારીઓને અસર કરશે નહીં.

પ્રશ્ન14. શું ભાગીદાર એલએલપીનું પુનર્ગઠન, પેરન્ટ એલએલપી હેઠળ પુનર્ગઠન પૂર્વે મેળવેલા કામને અસર કરશે?

ના, આપેલ માર્ગદર્શિકાના ક્લોઝ 9(3) મુજબ, પુનર્ગઠન થવાથી પેરન્ટ એલએલપીની બાકીની ભાગીદાર એલએલપી એ કામ ચાલુ રાખવાથી વંચિત રહેશે નહીં જે તેમણે પેરન્ટ એલએલપીના આધારે અગાઉથી જ મેળવી લીધું છે.

પ્રશ્ન15. પેરન્ટ પેઢી માટે આઈસીએઆઈ (એલ.એ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024 માંથી બહાર નીકળવાની પ્રક્રિયા શું છે?

પેરન્ટ એલએલપીમાંથી ભાગીદાર એલએલપી તરીકે બહાર નીકળવા માટે અથવા એલએલપી બંધ કરવા માટે, આઈસીએઆઈના લાગુ નિયમો, એલએલપી એક્ટ, 2008, તેમજ આરઓસી /રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ વગેરે દ્વારા અનુસરવામાં આવતી નિયત પ્રક્રિયાઓનું પાલન કરવાનું રહેશે. વધુમાં, પેરન્ટ અથવા ભાગીદાર પેઢીએ બહાર નીકળતી વખતે આઈસીએઆઈને જાણ કરવાની રહેશે અને એસએસપી પર અપડેશન દર્શાવવા માટેની યોગ્ય પ્રક્રિયા અનુસરવાની રહેશે.

પ્રશ્ન16. જો કોઈ પેરન્ટ એલએલપી પોતાનો વ્યવસાય બંધ કરવાનો નિર્ણય લે છે, તો શું તેમના માટે સૌપ્રથમ એલએલપી એગ્રીગેશન (એકત્રીકરણ) મોડેલમાંથી બહાર નીકળવું ફરજિયાત છે?

હા, પેરન્ટ એલએલપી માટે તેનો વ્યવસાય બંધ કરતાં પહેલાં આ માર્ગદર્શિકામાંથી બહાર નીકળવું ફરજિયાત છે. તદુપરાંત, આવી નિવૃત્તિ અથવા બંધ થવા અંગેની જાણ સંબંધિત પેરન્ટ કે ભાગીદાર પેઢી દ્વારા કરવાની રહેશે.

પ્રશ્ન17. જો પેરન્ટ એલએલપી, આ એલએલપી એગ્રીગેશન મોડેલમાંથી બહાર નીકળી જાય, તો શું કોઈ ભાગીદાર એલએલપી પેરન્ટ એલએલપીની ભૂમિકા સ્વીકારી શકે છે અને હાલના એગ્રીગેશન માળખાને ચાલુ રાખી શકે છે, કે પછી આખું એગ્રીગેશન માળખું વિસર્જિત થઈ જાય છે?

જો પેરન્ટ એલએલપી, 'આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024' માંથી બહાર નીકળી જાય છે, તો બાકીના ભાગીદારો અને એલએલપી ભાગીદારો પરસ્પર સામૂહિક રીતે નક્કી કરીને હાલની ભાગીદાર એલએલપીમાંથી કોઈ એકને નવી પેરન્ટ એલએલપી તરીકે નિયુક્ત કરી શકે છે.

પસંદ કરાયેલી ભાગીદાર એલએલપીએ પેરન્ટ એલએલપીની ભૂમિકા સ્વીકારવા માટે જરૂરી પ્રક્રિયાઓ અને ઔપચારિકતાઓનું પાલન કરવું પડશે. આ અપડેટ થયેલા માળખાને રેકોર્ડ પર લાવવા માટે તમામ જરૂરી સૂચનાઓ અને દસ્તાવેજો આઈસીએઆઈ તેમજ અન્ય સંબંધિત નિયમનકારી સત્તાધિકારીઓને સબમિટ કરવાના રહેશે. જો કોઈ નવી પેરન્ટ એલએલપી નિયુક્ત કરવામાં ન આવે, તો આ એકત્રીકરણ વિસર્જિત થઈ શકે છે.

પ્રકરણ 3
પ્રેક્ટિસ

પ્રશ્ન18. શું પેરન્ટ એલ.એલ.પી. દ્વારા બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવી ફરજિયાત છે? બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કેવી રીતે કરવામાં આવશે?

હા, બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવી ફરજિયાત છે. બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના પેરન્ટ એલએલપી દ્વારા કરવામાં આવશે, અને આ માર્ગદર્શિકા હેઠળ તેમાં દરેક ભાગીદાર એલએલપીના અધિકૃત મેનેજિંગ પાર્ટનર્સનો સમાવેશ થવો જોઈએ.

પ્રશ્ન19. આ માર્ગદર્શિકા હેઠળ રચાયેલા બોર્ડ ઓફ મેનેજમેન્ટની ભૂમિકા શું છે?

આપેલ માર્ગદર્શિકાના ક્લોઝ 7(3) અનુસાર, આ માર્ગદર્શિકા હેઠળ બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવામાં આવશે, જેમાં ભાગીદાર એલએલપીના અધિકૃત મેનેજિંગ પાર્ટનર્સનો સમાવેશ થશે, જેઓ નીચેની બાબતો સુનિશ્ચિત કરશે-

(a) નિયમનકારી અને કાનૂની અનુપાલન,

(b) પેઢી (ફર્મ) ની બાબતોનું સંચાલન કરવું,

(c) વ્યૂહાત્મક નિર્ણયો લેવા, જેમાં વ્યાપારી વ્યૂહરચના, નાણાકીય વ્યવસ્થાપન, નફાની ફાળવણી, ખર્ચની વહેંચણી, સ્ટાફની ભરતી, જોખમ સંચાલન, માળખાકીય

સુવિધાઓનો વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે પરંતુ તે આટલા પૂરતો મર્યાદિત નથી,

(d) ઓનલાઈન મોડ દ્વારા આઈસીએઆઈના એસએસપી પોર્ટલ પર નોંધણીની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવી,

(e) પેઢી/(ઓ)/પ્રેક્ટિસને સંબંધિત તમામ દસ્તાવેજો જેવા કે પાર્ટનરશિપ ડીડ (ભાગીદારી દસ્તાવેજ), ભાગીદારોના રાજીનામા અથવા જોડાવા સંબંધિત કાગળો, લાયકાત ધરાવતા આસિસ્ટન્ટ્સની નિમણૂક અને મુક્તિના કાગળો, પેઢીની કોઈપણ રચના કે પુનર્ગઠન માટે આપવામાં આવેલી મંજૂરીઓ અંગેના કાગળો અને વિગતો વગેરે સમયાંતરે જાળવવા, જે કોઈપણ વિવાદ, પૂછપરછ અથવા પુષ્ટિ માટે જરૂરી હોય તેવા કિસ્સામાં આઈસીએઆઈ દ્વારા મંગાવવામાં આવી શકે છે.

(f) જોડાતી વખતે જ, કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 144 ના કારણે ઊભા થવા પાત્ર ઓડિટ અથવા નોન-ઓડિટ કાર્યો પરના પ્રતિબંધો, અથવા આચારસંહિતા કે નૈતિકતાને લગતી કોઈ સમસ્યા, અથવા એલએલપી પેઢીને લાગુ પડતા કોઈપણ નિયામક કાયદા વિશે સંબંધિત ભાગીદાર એલએલપીને સ્પષ્ટપણે જણાવવું,

(g) પેરન્ટ એલએલપી, ભાગીદાર એલએલપી અને એલએલપી/(ઓ)માં રહેલી વ્યક્તિઓ વચ્ચેની બાબતોની સમીક્ષા કરવા માટે વિવાદ નિવારણ વ્યવસ્થા સ્થાપિત કરવી અને વ્યાજબી સમયમર્યાદામાં પરસ્પર સ્વીકાર્ય ઉકેલ પર પહોંચવાનો પ્રયાસ કરવો; જો વિવાદો વણઉકેલાયેલા રહે, તો તે મધ્યસ્થતા તરફ આગળ વધશે અથવા આર્બિટ્રેશન એન્ડ

કન્સિલિયેશન એક્ટ, 1996 અનુસાર લવાદને સોંપવામાં આવશે,

(h) એમ્પેનલમેન્ટ અથવા ટેન્ડરિંગ પ્રક્રિયાઓમાં પેરન્ટ એલએલપી કે ભાગીદાર એલએલપીની ભાગીદારી અંગે નિર્ણય લેવો,

(i) પેરન્ટ એલએલપી, ભાગીદાર એલએલપી અને એલએલપી/(ઓ)ના વ્યક્તિગત ભાગીદારોના જોડાવા અથવા સસ્પેન્શન (મોકૂફી) ને આવરી લેતી પુનર્ગઠન વ્યવસ્થા સ્પષ્ટપણે નક્કી કરવી,

(j) પુનર્ગઠન અથવા વિસર્જનના કિસ્સામાં ગુડવિલ (-સદભાવ), ખાતાઓની પતાવટ અને ક્લાયન્ટ્સ (ગ્રાહકો) ને લગતી બાબતો પર નિર્ણય લેવો, અને

(k) અથવા તેમની વચ્ચે સંમત થયેલી અન્ય કોઈ બાબત.

પ્રશ્ન20. શું આ માર્ગદર્શિકા અંતર્ગત કોઈ લેખિત દસ્તાવેજ કરવાની જરૂરિયાત પૂરી પાડવામાં આવી છે?

હા, આ માર્ગદર્શિકા હેઠળ, તમામ પેઢીઓ અને તેમના ભાગીદારો દ્વારા લેખિત પેટા-નિયમો / કરાર કરવાના રહેશે; તમામ ભાગીદારો દ્વારા સંમત થયેલા લેખિત દસ્તાવેજમાં દર્શાવેલી શરતો સમયાંતરે સીએ એક્ટ, 1949, એલએલપી એક્ટ, 2008, સીએ રેગ્યુલેશન્સ, 1988, આઈસીએઆઈ કોડ ઓફ એથિક્સ અને કાઉન્સિલની માર્ગદર્શિકા વગેરેની જોગવાઈઓને આધીન અને તેના પાલનમાં હોવી જોઈએ.

પ્રશ્ન21. શું આ માર્ગદર્શિકા હેઠળ એલએલપી માટે ઓડિટ પ્રેક્ટિસ પર કોઈ પ્રતિબંધો છે?

હા, આ માર્ગદર્શિકા હેઠળ પેરન્ટ અને ભાગીદાર એલએલપી વચ્ચે, તેમજ ભાગીદાર એલએલપીની અંદરોઅંદર ઓડિટની ફેરબદલી અને સંયુક્ત ઓડિટ કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

પ્રશ્ન22. શું આ માર્ગદર્શિકા હેઠળની પેરન્ટ એલએલપી અથવા ભાગીદાર એલએલપી એક જ સમયે સાથે મળીને એમ્પેનલમેન્ટ કે ટેન્ડરિંગ પ્રક્રિયાઓમાં ભાગ લઈ શકે છે?

આ માર્ગદર્શિકા હેઠળ, ભાગીદાર એલએલપીના અધિકૃત મેનેજિંગ પાર્ટનર્સનું બનેલું બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એમ્પેનલમેન્ટ

અથવા ટેન્ડરિંગ પ્રક્રિયાઓમાં પેરન્ટ એલએલપી કે ભાગીદાર એલએલપી ની ભાગીદારી અંગે નિર્ણય લેશે. વધુમાં, એમ્પેનલમેન્ટ અને ટેન્ડરિંગ પ્રક્રિયાઓ સંબંધિત નિયમનકારોના નિયમો દ્વારા સંચાલિત થાય છે.

પ્રશ્ન23. જો એલએલપી પેરન્ટ એલએલપીમાં જોડાવા અને તેમાંથી બહાર નીકળવા માટે સ્વતંત્ર હોય, તો તેમના એમ્પેનલમેન્ટને અનન્ય જોડાણ તરીકે કેવી રીતે ગણવામાં આવશે?

એમ્પેનલમેન્ટ પ્રક્રિયા સંબંધિત એમ્પેનલિંગ નિયમનકારો દ્વારા સમયાંતરે નક્કી કરાયેલા નિયમો દ્વારા સંચાલિત થાય છે. અનન્ય જોડાણનું મૂલ્યાંકન સામાન્ય રીતે પેઢીના નિર્ધારિત ડેટા પરની વર્તમાન સ્થિતિના આધારે કરવામાં આવે છે.

પ્રશ્ન24. શું એલએલપીના ભાગીદારો તરીકે જોડાયેલી એલએલપી એટલે કે ભાગીદાર એલએલપી સ્વતંત્ર રીતે પ્રેક્ટિસ કરી શકે છે?

આ માર્ગદર્શિકા હેઠળ, પેરન્ટ એલએલપીના ભાગીદારો તરીકે જોડાયેલી એલએલપી (એટલે કે ભાગીદાર એલએલપી) લેખિત દસ્તાવેજથી બંધાયેલી છે અને તેઓ લેખિત દસ્તાવેજની શરતોને આધીન રહીને, તેની સાથે જ એક સ્વતંત્ર એલએલપી તરીકે પણ પ્રેક્ટિસ કરી શકે છે.

પ્રશ્ન25. આ માર્ગદર્શિકા કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 141 અને 144 દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓ સાથે કેવી રીતે વ્યવહાર કરે છે?

આ માર્ગદર્શિકા હેઠળ, બોર્ડ ઓફ મેનેજમેન્ટે જોડાતી વખતે જ સંબંધિત ભાગીદાર એલએલપીને કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 144 ના કારણે ઊભા થવા પાત્ર ઓડિટ અથવા નોન-ઓડિટ કાર્યો પરના પ્રતિબંધો, અથવા કોડ ઓફ એથિક્સ કે એલએલપી પેઢીને લાગુ પડતા કોઈપણ નિયામક કાયદાને લગતી કોઈ સમસ્યા વિશે સ્પષ્ટપણે જણાવવું જોઈએ.

પ્રશ્ન26. વ્યક્તિગત ભાગીદારોને તેમના પોતાના નામે અલગથી એમ્પેનલમેન્ટ માટે અરજી કરવાની મંજૂરી કેવી રીતે આપી શકાય?

આ માર્ગદર્શિકા હેઠળ, વ્યક્તિગત ભાગીદારો તેમના પોતાના નામે અલગથી એમ્પેનલમેન્ટ માટે અરજી કરી શકતા નથી. એમ્પેનલમેન્ટ કે ટેન્ડરિંગ પ્રક્રિયાઓમાં ભાગ લેવા અંગેનો નિર્ણય પેરન્ટ એલએલપી દ્વારા રચવામાં આવેલા બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા લેવામાં આવશે, જેમાં ભાગીદાર એલએલપીના અધિકૃત મેનેજિંગ પાર્ટનર્સનો સમાવેશ થાય છે અને તે તમામ ભાગીદારો દ્વારા સંમત થયેલા લેખિત દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબ તેની સત્તાઓનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન27. એલએલપી એ કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 144 હેઠળ અને અન્યથા આઈસીએઆઈ કોડ ઓફ એથિક્સ હેઠળ સંભવિત હિતોના ટકરાવ / પ્રતિબંધિત સેવાઓની ઓળખ કેવી રીતે કરવી જોઈએ?

નવા ક્લાયન્ટ્સ અથવા નવી કામગીરી સ્વીકારતી વખતે, એલએલપીએ કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 144 અને આઈસીએઆઈ કોડ ઓફ એથિક્સ હેઠળ સંભવિત હિતોના ટકરાવ અથવા પ્રતિબંધિત સેવાઓની ઓળખ કરવા માટે હિતોના ટકરાવની વ્યાપક તપાસ કરવી જોઈએ.

કોઈપણ ઉભરતી સમસ્યાઓને શોધી કાઢવા માટે નિયમિત આંતરિક સમીક્ષાઓ દ્વારા આ તપાસને વધુ મજબૂત બનાવવી જોઈએ. બોર્ડ ઓફ મેનેજમેન્ટે સતત દેખરેખ અને મજબૂત

આંતરિક નિયંત્રણો દ્વારા કાનૂની અને નૈતિક ધોરણોનું સતત પાલન સુનિશ્ચિત કરીને, આ મૂલ્યાંકનોની દેખરેખ રાખવી આવશ્યક છે.

પ્રશ્ન28. જ્યારે પેરન્ટ એલ.એલ.પી.ના નામે કોઈ કામગીરી હાથ ધરવામાં આવે છે, ત્યારે કોઈ ચૂક અથવા ગેરરીતિના કિસ્સામાં જવાબદારીની વહેંચણી કેવી રીતે થાય છે?

જ્યારે પેરન્ટ એલએલપીના નામે કોઈ કામગીરી મેળવવામાં આવે છે, ત્યારે તે કામગીરીમાંથી ઉદ્ભવતી કોઈપણ જવાબદારીઓ માટે પ્રાથમિક રીતે પેરન્ટ એલએલપી મુખ્ય જવાબદાર ગણાશે. જો કે, આ જવાબદારી તે કામગીરીમાં વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે સંકળાયેલા ભાગીદારો વચ્ચે પ્રમાણસર વહેંચી શકાય છે. સ્પષ્ટતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે, બોર્ડ ઓફ મેનેજમેન્ટે કામની સ્પષ્ટ વહેંચણી અને વિગતવાર જવાબદારી પત્રક તૈયાર કરવું આવશ્યક છે. એલએલપી અંતર્ગત હાથ ધરવામાં આવતી દરેક કામગીરી માટે આ બાબતનું વ્યાપક દસ્તાવેજીકરણ થવું જોઈએ, જેથી ફરજોની ન્યાયી વહેંચણી અને જવાબદારીઓનું સરળ સંચાલન સુનિશ્ચિત થઈ શકે.

પ્રશ્ન29. ભાગીદાર એલએલપી દ્વારા હાથ ધરવામાં આવતી કામગીરીઓ પર પેરન્ટ એલએલપીની સત્તાની મર્યાદા કેટલી છે?

પેરન્ટ એલએલપીના બોર્ડ ઓફ મેનેજમેન્ટની સત્તા આ એકત્રીકરણ માળખા અંતર્ગત હાથ ધરવામાં આવતી તમામ કામગીરીઓ પર પ્રવર્તે છે, જેમાં અશ્યોરન્સ, નોન-અશ્યોરન્સ,

ઓડિટ અને અન્ય કામગીરીઓનો સમાવેશ થાય છે. પેરન્ટ એલએલપીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા લેવાયેલા નિર્ણયો આ માળખા હેઠળ કામ કરતી તમામ ભાગીદાર એલએલપી માટે બંધનકર્તા છે. જો કે, આ એકત્રીકરણ માળખાની બહાર, ભાગીદાર એલએલપી દ્વારા સ્વતંત્ર રીતે મેળવેલી અને પૂર્ણ કરાયેલી કામગીરીઓ પેરન્ટ એલએલપીના અધિકારક્ષેત્રની બહાર રહેશે. જો લેખિત દસ્તાવેજમાં તેનો સ્પષ્ટપણે સમાવેશ કરવામાં આવ્યો ન હોય, તો આવી કામગીરીઓ સંબંધિત ભાગીદાર એલએલપી દ્વારા જ સંચાલિત થાય છે.

પ્રકરણ 4

પરચૂરણ

પ્રશ્ન30. ફરિયાદોના નિવારણ અને સમસ્યાઓના ઉકેલ માટે શું કોઈ સ્થાપિત વ્યવસ્થા છે?

હા, વહીવટી પ્રશ્નોના નિરાકરણ માટે અને સમયમર્યાદામાં સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે એમ.એન્ડ.એસ.એસ. ડિરેક્ટોરેટ હેઠળ 'ગ્રીવન્સ રીડ્રેસલ સેલ' ની સ્થાપના કરવામાં આવી છે.

પ્રશ્ન31. શું આ માર્ગદર્શિકા હેઠળ કોઈ બોડી કોર્પોરેટ એલએલપીમાં ભાગીદાર બની શકે છે?

ના, ભારતમાં કંપનીઝ એક્ટ, 2013 અથવા ભારતની બહારના લાગુ કાયદા હેઠળ કંપની તરીકે નોંધાયેલી સંસ્થાને પેરન્ટ એલએલપીમાં ભાગીદાર બનવાની મંજૂરી આપવામાં આવી નથી. આ નિયમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એક્ટ, 1949 ની કલમ 25 સાથે સુસંગત છે, જે જણાવે છે કે,

'કંપનીઓ એકાઉન્ટન્સીના વ્યવસાયમાં જોડાઈ શકશે નહીં-

(1) કોઈપણ કંપની, પછી ભલે તે ભારતમાં નોંધાયેલી હોય કે અન્ય ક્યાંય, તે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તરીકે પ્રેક્ટિસ કરી શકશે નહીં.

[સ્પષ્ટતા: શંકાઓ દૂર કરવા માટે, આથી જાહેર કરવામાં આવે છે કે આ કલમના હેતુઓ માટે "કંપની" માં એવી

કોઈપણ લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપનો સમાવેશ થશે કે જે કંપનીને તેના ભાગીદાર તરીકે ધરાવે છે.]

(2) જો કોઈ કંપની પેટા-કલમ (1) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે, તો કંપની સામે થઈ શકે તેવી અન્ય કોઈપણ કાર્યવાહીને પૂર્વગ્રહ રાખ્યા વિના, તેના દરેક ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અને અન્ય કોઈપણ અધિકારી જેઓ જાણીજોઈને આવા ઉલ્લંઘનમાં પક્ષકાર છે, તેઓ દંડને પાત્ર થશે, જે પ્રથમ દોષિત સાબિત થવા પર એક હજાર રૂપિયા સુધી અને ત્યારબાદના કોઈપણ દોષિત સાબિત થવા પર પાંચ હજાર રૂપિયા સુધી વધી શકે છે.'

પ્રશ્ન32. આ માર્ગદર્શિકા એલએલપી વચ્ચેના વિવાદોનું નિવારણ કેવી રીતે કરે છે?

આપેલ માર્ગદર્શિકાના ક્લોઝ 7 અનુસાર, પેરન્ટ એલએલપી દ્વારા 'બોર્ડ ઓફ મેનેજમેન્ટ' ની રચના કરવામાં આવશે, જેમાં ભાગીદાર એલએલપીના અધિકૃત મેનેજિંગ પાર્ટનર્સનો સમાવેશ થશે. આ બોર્ડ તમામ ભાગીદારો દ્વારા સંમત થયેલા લેખિત દસ્તાવેજમાં દર્શાવેલી શરતો અનુસાર પોતાની સત્તાઓ અને અધિકારો મેળવશે. આ બોર્ડ પેરન્ટ એલએલપી, ભાગીદાર એલએલપી અને એલએલપી/ઓમાં રહેલી વ્યક્તિઓ વચ્ચેની બાબતોની સમીક્ષા કરવા અને વિવાદોના ઉકેલ માટે વિવાદ નિવારણ વ્યવસ્થા સ્થાપિત કરવાનું સુનિશ્ચિત કરશે.

અને વ્યાજબી સમયમર્યાદામાં પરસ્પર સ્વીકાર્ય ઉકેલ પર પહોંચવાનો પ્રયાસ કરશે; જો વિવાદો વણઉકેલાયેલા રહે, તો તે મધ્યસ્થતા તરફ આગળ વધશે અથવા આર્બિટ્રેશન એન્ડ કન્સિલિયેશન એક્ટ, 1996 અનુસાર લવાદને સોંપવામાં આવશે.

પ્રશ્ન33. બંધારણીય ફેરફારોના કારણે ઊભી થતી સમસ્યાઓના કિસ્સામાં એલએલપીની સીનિયોરિટી નક્કી કરવાનો આધાર શું રહેશે?

બંધારણીય ફેરફારોને કારણે ઊભી થતી સમસ્યાઓના કિસ્સામાં, એલએલપીની સીનિયોરિટી સત્તાવાર રેકોર્ડમાં તેમની સ્થાપનાની તારીખના આધારે નક્કી કરવામાં આવશે.

જ્યાં સુધી સંબંધિત એલએલપી દ્વારા પૂરી પાડવામાં આવેલી કામગીરીના પ્રકાર અને સંખ્યામાંથી મેળવેલા અનુભવના આધારે સીનિયોરિટીનો સવાલ છે, તે એમ્પેનલમેન્ટ અને ટેન્ડરિંગ પ્રક્રિયાઓ દરમિયાન સંબંધિત નિયમનકારોના નિયમો દ્વારા સંચાલિત થશે.

પ્રશ્ન34. શું એલએલપીને વિદેશમાં નવી તકો મેળવવા માટે આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર એમ્પેનલ થવાની મંજૂરી આપવામાં આવશે?

હા, એલએલપીને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર એમ્પેનલમેન્ટ મેળવવાની મંજૂરી આપવામાં આવશે, શરત માત્ર એટલી કે તેઓ સ્થાનિક નિયમો અને આંતરરાષ્ટ્રીય ધોરણો બંનેનું પાલન કરતા હોય. આનાથી તેઓ વિદેશમાં રહેલી નવી તકોની શોધ અને તેનો લાભ મેળવવા માટે સક્ષમ બનશે.

પ્રશ્ન35. પેરન્ટ અને ભાગીદાર એલએલપીના ટર્નઓવરની ગણતરી કેવી રીતે કરવામાં આવશે?

પેરન્ટ અને ભાગીદાર એલએલપીના ટર્નઓવરની ગણતરી તેમની વ્યાવસાયિક સેવાઓમાંથી ઉત્પન્ન થયેલી કુલ આવકના આધારે કરવામાં આવશે, જેમાં તેમના નાણાકીય પત્રકોમાં દર્શાવ્યા મુજબ ગ્રાહકો પાસેથી મળેલી ફી અને અન્ય આવકનો

સમાવેશ થાય છે. આ ગણતરી સમયાંતરે નિર્ધારિત કરાયેલા એકાઉન્ટિંગ ધોરણો અને નિયમનકારી આવશ્યકતાઓને અનુરૂપ હોવી જોઈએ.

પ્રશ્ન36. દરેક ભાગીદાર એલએલપીની જવાબદારીની મર્યાદા શું રહેશે?

દરેક ભાગીદાર એલએલપી લેખિત દસ્તાવેજ અને માર્ગદર્શિકામાં વ્યાખ્યાયિત કર્યા મુજબની તેની જવાબદારીઓ અને ફરજોના હિસ્સા માટે ઉત્તરદાયી રહેશે. આ જવાબદારીમાં તેમની વ્યક્તિગત કામગીરી અને યોગદાન સંબંધિત નાણાકીય, કાનૂની અને કાર્યાત્મક પાસાઓનો સમાવેશ થાય છે.

પ્રશ્ન37. જ્યારે ઓડિટનું કામ ભાગીદાર પેઢીઓ વચ્ચે વહેંચવામાં આવ્યું હોય, ત્યારે ઓડિટ રિપોર્ટ પર સહી કોણ કરશે?

ઓડિટ રિપોર્ટ પર, પેરન્ટ એલએલપી વતી ઓડિટમાં સામેલ સંબંધિત ભાગીદાર દ્વારા સહી થવી જોઈએ. પેરન્ટ અને ભાગીદાર એલએલપી વચ્ચે કામ અને સોંપણીઓની સ્પષ્ટ વહેંચણી હોવી જોઈએ. કામગીરીમાં દરેક એલએલપીના યોગદાનનું દસ્તાવેજીકરણ અને પુષ્ટિ થયેલી હોવી આવશ્યક છે, જેથી દરેક એલએલપી દ્વારા કરવામાં આવેલા કામના અવકાશ મુજબ જવાબદારી સચોટ રીતે નક્કી કરી શકાય. સહી કરવા માટેની જવાબદારી એન્ગેજમેન્ટ લેટર અને આંતરિક કરારોમાં સ્પષ્ટપણે દર્શાવેલી હોવી જોઈએ, જેથી નિયમનકારી અને વ્યાવસાયિક ધોરણોનું પાલન સુનિશ્ચિત થાય.

પ્રશ્ન38. શું 2021 ની માર્ગદર્શિકા મુજબનું હયાત નેટવર્ક, 'આઈસીએઆઈ (એલ.એલ.પી.નું એકત્રીકરણ) માર્ગદર્શિકા, 2024' મુજબ એલએલપી માં રૂપાંતરિત થઈ શકે છે?

આ માર્ગદર્શિકા હેઠળના લાભો મેળવવા માટે, તેમણે એલએલપીની રચના કરવી જરૂરી છે, કારણ કે આ માર્ગદર્શિકા ખાસ કરીને માત્ર એલએલપી માળખાને જ લાગુ પડે છે.